# કટાર લેખનમાં 'તડ ને ફડ' કરતા શતાયુ સર્જક નગીનદાસ સંઘવીને સાહિત્યસભાની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૩

પદ્મશ્રી સન્માન પ્રાપ્ત કરનાર ગુજરાતના જાણીતા લેખક અને વરિષ્ઠ પત્રકાર નગીનદાસ સંઘવીનું દેહાવસાન થયું છે. નગીનદાસ સંઘવીનો જન્મ વર્ષ ૧૯૨૦માં થયો હતો. દેશ આઝાદ થયો ત્યારે વર્ષ ૧૯૪૭માં તેઓએ મુંબઈ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. મુંબઈની જાણીતી કૉલેજોમાં આશરે ત્રણ દાયકા સુધી પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવનારા નગીનદાસ સંઘવીએ નિવૃતી બાદ વિવિધ સામયિકો અને જર્નલોમાં લખવાની શરૂઆત કરી હતી.



આશ્ચર્યની વાત એ છે કે એમને છેક ૯૯ વર્ષની વયે પદ્મશ્રી સન્માન મળ્યું હતું. ૭૦માં પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ભારત સરકારે પદ્મ એવોર્ડની જાહેરાત કરી હતી. જેમાં આ એવોર્ડમાં જાણીતા કટાર લેખક નગીનદાસ સંઘવીને શિક્ષણ અને પત્રકારત્વ માટે પદ્મશ્રી એવોર્ડ આપવામાં આવ્યો હતો.

તેમના અખબારી લેખોના એક સંચયનું નામ 'આ તડ અને આ ફડ' છે, બીજાં બે છે 'પોસ્ટ મૉર્ટમ' અને 'ધર્મ અને સમાજ'. હજુ ગયા વર્ષે રાજકોટમાં ૧૬ જૂને તેમની શતાબ્દી વંદનાએ 'નગીનદાસ સંઘવીનું તડ ને ફડ' અને 'નગીનદાસ સંઘવીની સૉંસરી વાત' નામે દળદાર સંગ્રહો પ્રસિદ્ધ થયા. પદ્મશ્રી સન્માનિત નગીનદાસે નરેન્દ્ર મોદી પર તટસ્થતા માટે વખણાયેલાં અંગ્રેજી પુસ્તક ઉપરાંત પણ ચાર અંગ્રેજી પુસ્તકો લખ્યાં છે : 'ગુજરાત : અ પૉલિટિકલ ઍનાલિસિસ', 'ગાંધી : ધ ઍગની ઑફ અરાઈવલ', 'ગુજરાત ઍટ ક્રોસ રોડ્સ' અને 'અ બ્રીફ હિસ્ટરિ ઑફ યોગ'. અમેરિકન ઈતિહાસ અને રાજકારણ પરનાં નવ અંગ્રેજી પુસ્તકો ઉપરાંત રાજમોહન ગાંધીએ લખેલાં સરદાર પટેલનાં બૃહત્ જીવનચરિત્રને તે ગુજરાતીમાં લાવ્યા છે. દેશ અને દુનિયાની રાજનીતિનાં પાસાં પરની ત્રીસ પરિચય-પુસ્તિકાઓ તેમનું મહત્ત?વનું પ્રદાન છે.

પત્રકાર ક્ષેત્રે વિશેષ સન્માન ધરાવતા નગીનદાસ સંઘવીને ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ અને મહામંત્રી રમેશ ઠક્કર સહિત સૌ સભ્યોએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. તેઓ શબ્દ સ્વરૂપે હંમેશા યાદ રહેશે.

# મુખ્યમંત્રીના હસ્તે કન્યા શાળા અને કુમાર છાત્રાલયોનું ઈ-લોકાર્પણ

**રૂ. ૬૧.૭૫ કરોડના ખર્ચે નવનિર્મિત સંકુલોમાં ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને અભ્યાસ-આવાસની અદ્યતન સવલત મળશે**





ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સામાજીક સમરસતા, અંત્યોદય ઉત્થાન અને છેવાડાના માનવીના કલ્યાણ માટે શિક્ષણને પૂર્વશરત ગણાવી વંચિત, પીડિત, શોષિત હરેકના બાળકોને શિક્ષણના યોગ્ય અવસરો આપી વિશ્વના પડકારોને પહોંચી વળવા સજ્જ બનાવવાની નેમ વ્યકત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઉપક્રમે રાજ્યના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે ૬૧.૭૫ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત ૩ આદર્શ નિવાસી કન્યા શાળાઓ અને પાંચ ડૉ. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલયોના ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી ઈ લોકાર્પણ કર્યા હતા.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર અને રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિર પણ આ લોકાર્પણમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સૌના સાથ સૌના વિકાસની પ્રતિબદ્ધતા ઊંચ-નીચ, આગળ-પાછળ, જાતિ-જ્ઞાતિ, ભાષા-પ્રાંતના ભેદ ભૂલી સૌ એક થઈને ''સબ સમાજકો લિયે સાથ મે આગે હૈ બઢતે જાના'ના ભાવ સાથે આ સરકાર સાકાર કરી રહી છે.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં સામાજિક સમરસતાનું આ સદભાવપૂર્ણ વાતાવરણ ડહોળાય, સંતુલન તૂટે એવા ગુજરાત વિરોધીઓના કારસાને પ્રજાવર્ગોએ નિષ્ફળતા આપી છે.

વિજયભાઈ રૂપાણીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરે શિક્ષિત બનો-સંગઠિત બનોનો જે કોલ આપેલો તેને ચરિતાર્થ કરવા અને પછાતવર્ગોને વિકસિતોની હરોળમાં લાવવા રાજ્ય સરકારે અદ્યતન શિક્ષણ સવલતો, છાત્રાલયો, સમરસ હોસ્ટેલ્સ શરૂ કર્યા છે તેવો મત વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીએ આ છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓમાં સ્વચ્છતા જળવાય, સારૂં પૌષ્ટિક ભોજન મળે સાથોસાથ કવોલિટી એજ્યુકેશન આપી આ વિદ્યાર્થીઓને પણ વિશ્વની ચેલેન્જીસ સ્વીકારવા સક્ષમ બનાવવાના આયામોની ભૂમિકા આપી હતી.

તેમણે કોરોના સંક્રમણના આ કપરાકાળમાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ફૂડ બિલમાં વધુ સહાય, વિનામૂલ્યે આવાસ વગેરે પેકેજ આપ્યા છે તેમ પણ ઉમેર્યુ હતું.

## જન્મદિને વધામણી



શૈલેન્દ્ર ઠાકોર
મો. ૯૯૨૪૭ ૮૩૩૪૨



જનકસિંહ આર બિહોલા
મો. ૯૨૬૫૬ ૯૨૮૧૯



કલ્પેશ ઈશ્વરભાઈ નાયી
મો. ૯૭૩૭૮ ૮૧૭૭૪



જગદીશ ઠાકોર
દ્વારકેશ ઝેરોક્ષ



કીથ ભાવેશ કાપડિયા
મો. ૯૮૯૮૪ ૮૫૮૬૭



જે એન પરીખ
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૩



વત્સલ મેહુલ પટેલ
મો. ૮૪૦૧૦ ૦૬૪૬૭



દરજી વેદકુમાર સચિનભાઈ
મો. ૯૮૨૪૬ ૯૧૬૨૬



નીતિન બી પ્રજાપતિ

# રાજ્યના ઉદ્યોગો વિશ્વમાં 'મેઈક ઈન ઈન્ડીયા'ની બ્રાન્ડ ઈમેજ ઊભી કરે : મુખ્યમંત્રી

**મોરબીની છત્તર-મીતાણા GIDCમાં ૧૨૭ MSMEને પ્લોટ ફાળવણીનો ડ્રો દહેજ-સાયખામાં ૪૦ MLD ક્ષમતાના બે CETP પ્લાન્ટના ગાંધીનગરથી ઈ લોકાર્પણ કરતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી**

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની GIDCમાં કાર્યરત લઘુ-મધ્યમ-સુક્ષ્મ ઊદ્યોગો કવોલિટી, માર્કેટીંગ અને પ્રાઈસીંગમાં વિશ્વના અન્ય દેશોના ઊદ્યોગોને બીટ કરી 'મેઈક ઈન ઈન્ડીયા' આત્મનિર્ભર ભારતની વૈશ્વિક બ્રાન્ડ ઈમેજ ઊભી કરવા આહવાન કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતમાં ઊદ્યોગો માટે મુકત વાતાવરણ અને સરકારનો સૌથી ઓછા હસ્તક્ષેપ છે ત્યારે આવનારા સમયમાં રાજ્યની GIDCમાં અનુકૂળ વાતાવરણથી બધા જ પ્લોટસ-બધી જ વસાહત ઉત્પાદનથી ધમધમતી થાય અને લાખો લોકોને રોજી-રોટી મળતી થાય તેવી આ સરકારની સ્પષ્ટ નેમ છે. રાજ્યની વિવિધ ઔદ્યોગિક વસાહતના ઊદ્યોગકારોએ પણ પહેલીવાર તેમના પ્રશ્નોનો ૧૦૦ ટકા નિકાલ થયો છે તેનો સંતોષ વ્યકત કરતા મુખ્યમંત્રીશ્રીના દ્રષ્ટિવંત નેતૃત્વનો આભાર માન્યો હતો.



મુખ્યમંત્રીએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ GIDCના ઉપક્રમે યોજિત ઈ-લોન્ચીંગ કાર્યક્રમમાં ટંકારાની છત્તર-મીતાણા જી.આઈ.ડી.સી.માં ૧૨૭ MSME એકમોને પારદર્શી પદ્ધતિએ કોમ્પ્યુટરાઈઝ ડ્રો થી પ્લોટ ફાળવણી ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસેથી કરી હતી.

તેમણે ભરુચ જિલ્લાના દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહતોમાં ઊદ્યોગોના પ્રદૂષિત-ગંદા પાણીના શુદ્ધિકરણ અને નિકાલ માટેના ૪૦ MLDના બે CETP પ્લાન્ટસના લોકાર્પણ પણ કર્યા હતા.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાત વિશ્વના વેપાર ઊદ્યોગકારો માટે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ છે.

કેન્દ્ર સરકારે જાહેર કરેલા FDIના રોકાણ આંકડા મુજબ ગુજરાતમાં ૨૪૦ ટકાનો વધારો થયો છે અને ગુજરાતનો બેરોજગારી દર ૩.૪ ટકા એટલે કે સમગ્ર દેશમાં સૌથી ઓછો છે. ગુજરાત ઉત્પાદન ક્ષેત્રે પણ નંબર વન રાજ્ય છે.

તેમણે કહ્યું કે, રાજ્ય સરકારની સ્પષ્ટ નિતી, ટ્રાન્સપરન્સી, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસની પ્રતિબદ્ધતા અને ઊદ્યોગોને મોકળા વાતાવરણને કારણે વિશ્વના ઊદ્યોગો ગુજરાતમાં રોકાણો માટે આવવા મોટા પાયે પ્રેરિત થાય છે.

# સેકટર-૨૬માં અદ્યતન મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલનો વિધિવત્ પ્રારંભ કરાયો





ગ્રીનસીટી વિસ્તારમાં નવનિર્મિત અને અદ્યતન સરમાઉન્ટ હોસ્પિટલનું સોશિયલ ડિસ્ટન્સીંગ સહિતના નિયમો જાળવી સિમિત આમંત્રિતોની ઉપસ્થિતિમાં બ્ર. કુ. રાજયોગિની કૈલાશ દીદીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ઓર્થોપેડિકનો બહોળો અનુભવ ધરાવતા તજજ્ઞ ડૉ. હાર્દિક પટેલ અને ડૉ. વિરલ પ્રજાપતિની સેવા નગરજનો તેમજ આસપાસના વિસ્તારની જનતાને મળી રહેશે.

# રાજયના શિક્ષકસંઘો પ્રાકૃતિક ખેતી અપનાવવા અન્ય ખેડૂતોને માહિતગાર કરે : રાજયપાલ

**રાજયના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્ર માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખો તથા હોદેદારો સાથે પ્રાકૃતિક કૃષિ આભિયાનને વેગવંતુ બનાવવા રાજયપાલ દ્વારા પરામર્શ કરાયો**



ગાંધીનગર, તા. ૧૩

રાજયમાં પ્રાકૃતિક કૃષિ થકી કેમિકલ મુક્ત ખોરાકનું ઉત્પાદન થાય અને દરેક ખેડૂતો દેશી ગાય આધારિક ખેતી કરતા થાય તે ઉદ્દેશને ધ્યાને રાખી રાજયમાં છેલ્લા એક વર્ષથી રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ કૃષિ વિભાગ અને આત્મા યોજનાના સંયુક્ત પ્રયાસથી પ્રાકૃતિક કૃષિ અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જે અંતર્ગત 'સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ' વિષય પર તા. ૧૩મી જુલાઈ, ૨૦૨૦ રાજયપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને રાજભવન ખાતેથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખો સાથે વેબીનાર યોજાયો હતો. જેમાં પૂનમચંદ પરમાર, અધિક સચિવ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અને કે.ડી. પંચાલ નિયામક સમિતી અને સ્ટેટ નોડલ ઓફિશર, આત્મા તથા સંલગ્ન વિભાગના વડાઓ તેમજ પ્રાકૃતિક કૃષિના નોજલ ઓફિસર્સ તેમજ શિક્ષણ વિભાગના અધિકારીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ ફેસબુક અને ટ્યુબના માધ્યમથી લાઈવ પણ યોજવામાં આવ્યો હતો જેનો લાભ રાજયના અન્ય શિક્ષકો અને ખેડૂતોએ લીધો હતો.

# એસ.વી. સ્કૂલમાં યોજાઈ 'Dough Making Activity'



ગાંધીનગર, તા. ૧૩

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં ઓનલાઈન 'Dough Making Activity' યોજાઈ ગઈ. જૂનિયર અને સીનિયર કે.જી. ના બાળકોએ ઘઉના લોટમાં કંકુ અને હળદર ઉમેરીને તેમાંથી બે અલગ અલગ રંગની કણક બનાવીને તેમાથી વિવિધ આકાર, રમકડાં, ગણેશજી, દિવડા, સ્માંઈલી, પાંદડા, પ્રાણીઓ, પક્ષીઓ, ફળો, વાસણો, ઈંગ્લિશ મૂળાક્ષરો, નંબર્સ, બ્રેસ્લેટ જેવી વિવિધ વસ્તુઓ પોતાના શિક્ષિકાઓના માર્ગદર્શનથી બનાવી હતી. Fine Motor Skills ના ભાગરૂપે, બાળકોના હાથની માંસપેશીઓનો યોગ્ય વિકાસ થાય, અને તેઓ 'Learn with Fun' ની મજા માણે તે હેતુથી સ્કૂલના શિક્ષિકાઓએ બાળકોને કણક હાથમાં લઈ, વિવિધ કસરત પણ કરાવી હતી. વાલીમિત્રોએ પણ પોતાના બાળકની સાથે બેસીને તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને આ અનોખી પ્રવૃત્તિને બિરદાવી હતી.

# વાસણ મહાદેવ ગામમાં જોગણી માતાજી મંદિરે અને આંગણવાડીમાં શેડની સુવિધા





ચિલોડા, તા. ૧૩

જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી સુશીલાબા અરવિંદસિંહ વાઘેલાની ગ્રાન્ટમાંથી વાસન મહાદેવ ગામમાં આવેલ ઠાકોર વાસમાં જોગણી માતાજીના મંદિરમાં શેડ તથા બાલ મંદિરની આંગણવાડીમાં બાળકોને બેસવા માટે શેડ બનાવવામાં આવ્યો હતો. સુવ્યવસ્થા કરવા બદલ ગામના અગ્રણીઓ દ્વારા સદસ્ય સુશીલાબા વાઘેલા તથા આગેવાન અરવિંદસિંહ વાઘેલાનું સન્માન કરી સેવાઓને બિરદાવી હતી.

# એસ. જી. અંગ્રેજી મીડિયમ શાળામાં ઓનલાઈન વિવિધ પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિધ્યાલય સંચાલિત એસ.જી.,અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ૧૨-૦૭-૨૦૨૦ને રવિવારના રોજ ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે પેપરમાંથી વિવિધ વસ્તુઓ બનાવવાની પ્રવૃત્તિ થઈ હતી. ધોરણ ૫ ફિંગર પપેટ, ધોરણ ૬ પેપર અમ્બ્રેલા, ધોરણ સાત પેપર વૉલ હેંગિંગ, ધોરણ-૮ પેપર ગિફ્ટ ફ્લાવર આમ દરેક ધોરણના વિદ્યાર્થીઓએ વિવિધ વસ્તુઓ આ પ્રવૃત્તિ માટે શિક્ષકોએ ઓન લાઈન શિક્ષણ દ્વારા આગલા દિવસે વિદ્યાર્થીઓને સુચના અને માર્ગદર્શન આપ્યું વિદ્યાર્થીઓએ ઘરે રહીને પોતાની કુશળતા બતાવી હતી અને સરસ મજાના વિવિધ નમૂનાઓ બનાવ્યા હતા આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

